Extra No. 336

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] MONDAY, SEPTEMBER 29, 2025 / ASVINA 7, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨જી એપ્રિલ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૪૪/૨૦૨૫/એચડી/એમકેએમ/ઈ-ફાઈલ/૮/૨૦૨૪/૬૧૩૨/ઈ૧.-નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Inspector, Class-III, in the Directorate of Prohibition and Excise (Pre-service training and Post-training examination) Rules, 2025.

નશાબંધી અને આબકારી નિયામકની કચેરીમાં ઇન્સ્પેક્ટર, વર્ગ-૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૨૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીજી/૪૪/૨૦૨૫/એચડી/એમકેએમ/ઇ-ફાઈલ/૮/૨૦૨૪/૬૧૩૨/ઈ૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં ઇન્સ્પેક્ટર, વર્ગ-૩-ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે તેમની પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત:

(૧) નશાબંધી અને આબકારી નિયામકની કચેરીમાં ઇન્સ્પેક્ટર, વર્ગ-૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં ઇન્સ્પેક્ટર, વર્ગ-૩-ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

ક. ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

ખ. "નિયત તારીખ" એટલે જે તારીખે આ નિયમો અમલમાં આવશે તે તારીખ;

ગ. ''કરાર આધારિત જગા'' એટલે જે હોદ્દા પર કરાર આધારિત ધોરણે, નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં ઇન્સ્પેક્ટર, વર્ગ ૩ તરીકે સીધી ભરતીથી નિમણૂક કરાતી હોય તેવી જગા;

ઘ. ''સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ" એટલે નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં ઇન્સ્પેક્ટર, વર્ગ ૩-ની જગા પર જેને કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવેલ હોય તે વ્યક્તિ;

ચ. "નિયામક'' એટલે નશાબંધી અને આબકારી નિયામક;

છ. ''પરીક્ષા" એટલે તલીમાંત પરીક્ષા;

જ. ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

ઝ. ''સંસ્થા" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA) અથવા કોઇ બીજી તાલીમ સંસ્થા અથવા સરકાર દ્વારા સંસ્થાપિત સરકારી એજન્સી;

ટ. ''નિર્દિષ્ટ તકો'' એટલે વ્યક્તિએ જેટલી તકોની અંદર પરીક્ષા ઉત્તીર્ણ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

ઠ. ''નિર્દિષ્ટ મુદત'' એટલે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવેલી મુદત.

૩. સંસ્થાકીય તાલીમ અને પરીક્ષાની રૂપરેખા.-

(ક) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, નીચેની જોગવાઈઓ અનુસાર, તાલીમ સંસ્થામાં, સંસ્થાકીય તાલીમ લેવી જોઈશે અને સંસ્થા દ્વારા યોજવામાં આવે તેવી તાલીમાંત પરીક્ષા ઉત્તીર્ણ કરવી જોઈશે:-

(૧) સંસ્થાકીય તાલીમ, નીચેના તબક્કા અને મુદત અનુસાર આપવી જોઈશે:-

તાલીમ મોડ્યુલ-૧	વહીવટી તાલીમ	૪૫ દિવસ
તાલીમ મોડ્યુલ-૨	પોલીસ તાલીમ	૬૦ દિવસ
તાલીમ મોડ્યુલ-૩	ખાતાકીય તાલીમ	૪૫ દિવસ

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, તેમની સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, સંબંધિત સંસ્થાના વડાના નિયંત્રણ હેઠળ રહેશે.

(ખ) (૧) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થાએ, પરીક્ષા યોજવી જોઈશે. સંસ્થાકીય તાલીમ પૂરી કરી હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, પરીક્ષા ઉત્તીર્ણ કરવી જરૂરી રહેશે.

(૨) પરીક્ષા, તાલીમાંત પરીક્ષા મોડ્યુલ-૧ (પોસ્ટ ટ્રેનિંગ એગ્ઝામિનેશન મોડ્યુલ (PTEM)-1) અને તાલીમાંત પરીક્ષા મોડ્યુલ-૨ (પોસ્ટ ટ્રેનિંગ એગ્ઝામિનેશન મોડ્યુલ (PTEM)-2) એમ બે મોડ્યુલ્સમાં યોજવી જોઈશે. તેની રૂપરેખા અનુક્રમે પરિશિષ્ટ- 'ક' અને 'ખ'-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે.

૪. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા.-

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર (લાયક) થવા માટે, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, સંસ્થાગત તાલીમમાં વ્યાખ્યાનોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનોમાં હાજર રહેવાનું જરૂરી રહેશે, અન્યથા તે તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ગેરલાયક ઠરશે અને તેની/તેણીની કરાર આધારિત નિમણૂક સમાપ્ત થવાને પાત્ર ઠરશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિને, સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, ત્રણ કરતાં વધુ દિવસની કોઈપણ પ્રકારની રજાની અથવા ગેરહાજરીની પરવાનગી આપવી જોઈશે નહિ. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, ત્રણ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે અને સંસ્થાના વડાને એવી ખાતરી થાય કે તેની ગેરહાજરી, તેના કાબૂ બહારના કોઈ અનિવાર્ય સંજોગોના કારણે નથી, તો તેઓ, સીધી ભરતીથી નિમાયેલ વ્યક્તિનો ગેરહાજરીના દિવસો માટેનો પગાર કપાત કરવા માટે આદેશ આપી શકશે.

૫. પરીક્ષા ઉત્તીર્ણ કરવા માટેની નિર્દિષ્ટ તકો.-

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, આ નિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તેની કરાર આધારિત મુદત દરમિયાન ત્રણ પ્રયત્નોમાં તાલીમાંત પરીક્ષા મોડ્યુલ-૧ (પોસ્ટ-ટ્રેનિંગ એગ્ઝામિનેશન મોડ્યુલ (PTEM)-1) અને તાલીમાંત પરીક્ષા મોડ્યુલ-૨ (પોસ્ટ-ટ્રેનિંગ એગ્ઝામિનેશન મોડ્યુલ (PTEM)-2) ઉત્તીર્ણ કરવી જરૂરી રહેશે. દરેક મોડ્યુલ માટે ત્રણ પ્રયત્નો સુધી પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે, કોઈપણ પરીક્ષા ફી ચૂકવવી જરૂરી રહેશે નહિ:

પરંતુ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિ, ત્રણ પ્રયત્નોમાં તાલીમાંત પરીક્ષા ઉત્તીર્ણ કરી ન શકે, તો તેને, ઠરાવેલી ફીની ચૂકવણી વગર વધારાના એક પ્રયત્નનો લાભ આપવામાં આવશે, જેનો લાભ તેના ત્રીજા પ્રયત્નની પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવો જરૂરી રહેશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે નિર્દિષ્ટ તકોમાં અથવા નિર્દિષ્ટ મુદતમાં પરીક્ષા ઉત્તીર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો તેની સેવાઓ સમાપ્ત કરવાને પાત્ર થશે:

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે વ્યક્તિ, પોતાના કાબૂ બહારના કારણોસર નિર્દિષ્ટ તકોની અંદર પરીક્ષા ઉત્તીર્ણ કરી શકી નથી, તો તે, કારણોની લેખિતમાં નોંધ કર્યા પછી, સરકાર નક્કી કરે તેટલી પરીક્ષા ફીની ચૂકવણી કર્યે, તેને આવી પરીક્ષા ઉત્તીર્ણ કરવા માટે બે કરતાં વધુ નહિ તેટલી વધારાની તકો આપી શકશે:

વધુમાં, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, ઉપર પ્રમાણે વધારાની તકોનો લાભ લીધા પછી, પરીક્ષા ઉત્તીર્ણ કરે, તો તે, જે વ્યક્તિઓએ પોતાના કરતાં પહેલાં નિર્દિષ્ટ તકોની અંદર અને નિર્દિષ્ટ મુદતની અંદર પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય, તેવી વ્યક્તિઓ ઉપર, સિનિયોરિટીનો દાવો કરવા હકદાર થશે નહિ.

(૩) ઉપરના પેટા-નિયમ (૧) અને પેટા-નિયમ (૨)-માં જણાવેલા સંજોગોમાં, પરીક્ષાઓ સમયસર યોજી ન શકાય અથવા તેનું પરિણામ, આ નિયમો હેઠળ ઠરાવેલી મુદત પૂરી થાય તે પહેલાં જાહેર કરી ન શકાય, તો સદરહુ ઠરાવેલી મુદત, તેણે છેલ્લો વધારાનો પ્રયત્ન કર્યો હોય તે પરીક્ષાના પરિણામની જાહેરાત સુધી લંબાવેલી હોવાનું ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવું તે એક તક ગણાશે.

૬. પરીક્ષાનો અભ્યાસક્રમ અને રૂપરેખા.-

(૧) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, અનુક્રમે પરિશિષ્ટ- 'ક' અને પરિશિષ્ટ- 'ખ'-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) પરીક્ષા, ૧૦૦ (એકસો) ગુણના એક પ્રશ્નપત્રની રહેશે.

(૧) PTEM-1 હેઠળની પરીક્ષા, દરેક પ્રશ્નપત્રના ૧૦૦ (એકસો) ગુણ એવા પાંચ પ્રશ્નપત્રોની રહેશે. પ્રશ્નપત્ર ૫ કે જે વર્ણનાત્મક રહેશે તે સિવાય, પરીક્ષા, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)ની રહેશે.

(૨) PTEM-2 હેઠળની પરીક્ષા, દરેક પ્રશ્નપત્રના ૧૦૦ (એકસો) ગુણ એવા બે પ્રશ્નપત્રોની રહેશે. પરીક્ષા, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)ની રહેશે.

(૩) ઉમેદવારને, PTEM-1-ના પ્રશ્નપત્ર ૫ સિવાય, પ્રશ્નપત્રોના જવાબ, પુસ્તકોની મદદથી આપવાની પરવાનગી આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ: "પુસ્તકો સાથે" એટલે કોઈપણ વિવરણ અથવા કેસ લૉ (પૂર્વ-કાયદાઓ) સિવાયના મૂળ (ફક્ત) અધિનિયમો અને/ અથવા નિયમો ધરાવતું સરકારે અથવા સંસ્થાએ મંજૂર કરેલું વિષયોનું અસલ (મૂળ) પુસ્તક અને તેમાં અધિનિયમ હેઠળ બહાર પાડેલા અથવા સરકારે પ્રસિદ્ધ કરેલા અથવા મંજૂર કરેલા નિયમ-સંગ્રહો (મેન્યુઅલ્સ)નો સમાવેશ થશે.

૭. પરીક્ષાનું માધ્યમ.-

પરીક્ષાનું માધ્યમ, પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૮. પરીક્ષા યોજવા બાબત.-

(૧) સંસ્થાએ, સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થાય તે પછી પરીક્ષા યોજવાની રહેશે.

(૨) પરીક્ષામાં બેસવા ઇચ્છતી વ્યક્તિએ, ઓછામાં ઓછા નિયત સમયની મુદતમાં આવી પરીક્ષા માટે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવવા માટે, જેની નીચે પોતે કામ કરતી હોય તે કચેરીના વડા મારફત પરિશિષ્ટ-'ગ' માં નિર્દિષ્ટ કરેલા નમૂનામાં પોતાની અરજી મોકલવી જોઇશે.

(૩) જે કચેરીમાં વ્યક્તિ નોકરી કરતી હોય તે કચેરીઓના વડાઓએ, પરીક્ષામાં બેસવા માટેની તેની પાત્રતાના સંબંધમાં તેની અરજીની ચકાસણી કરવી જોઇશે અને પરિશિષ્ટ-'ઘ'માં નિર્દિષ્ટ કર્યા મુજબના પાત્રતાના પ્રમાણપત્ર સાથે નિયામકને તે મોકલવી જોઇશે.

(૪) અરજદાર, ત્યાર પછી, પરીક્ષામાં નહિ બેસવાનો નિર્ણય કરે, તો તેણે પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં, સંબંધિત કચેરીઓના વડા મારફત, નિયામકને તેની જાણ કરવી જોઇશે.

(૫) કોઇ વ્યક્તિ, પરીક્ષામાં બેસવા માટે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવ્યા પછી, પેટા-નિયમ (૪)માં ઉલ્લેખ કર્યા મુજબ જાણ કર્યા સિવાય, પરીક્ષામાં ઉપસ્થિત ન રહે, તો તેણે પરીક્ષા પાસ કરવા માટેની એક તક ગુમાવી છે એમ ગણાશે:

પરંતુ નિયામકને ખાતરી થાય કે વ્યક્તિએ પોતાના કાબૂ બહારના કારણોસર સમયસર જાણ કરવામાં ચૂક કરેલ છે, તો તે (નિયામક), પેટા-નિયમ (૪)માં ઉલ્લેખ્યા પ્રમાણેની જાણ કરવા માટેની આવી વ્યક્તિના પક્ષે થયેલી ચૂક અને તેમાંથી ઉદભવતા પરિણામોને માફ કરી શકશે.

૯. પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.-

ક. પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) રહેશે.

ખ. કોઇ એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં પચાસ ટકા (૫૦%) અથવા તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષાઓમાં તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે.

ગ. કોઈ ઉમેદવાર, આ પરીક્ષામાં ફક્ત એક પ્રશ્નપત્રમાં લાયકીનું ધોરણ મેળવી ન શકે તેવા કિસ્સામાં, આવા ઉમેદવારને, તે પ્રશ્નપત્ર માટેના કુલ ગુણના ૫% સુધી કૃપા ગુણ (ગ્રેસ માર્ક) આપવાના રહેશે અને ત્યાર પછી, તે (ઉમેદવાર) લાયકીના ધોરણ જેટલા અથવા તેના કરતાં વધારે ગુણ મેળવે, તો તેને, પાસ થયેલો જાહેર કરવામાં આવશે.

૧૦. પરીક્ષાનું પરિણામ.- સંબંધિત સંસ્થાએ, પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનું રહેશે અને તે, નિયામકને મોકલવાનું રહેશે.

૧૧. પરીક્ષા ખંડમાં અમુક સાધનો (ડિવાઇસ)ના ઉપયોગ પર પ્રતિબંધ (મનાઇ).- કોઈપણ ઉમેદવારને સેલ્યુલર ફોન, લેપટોપ, કેલક્યુલેટર, પેજર, સ્માર્ટવોચ, આઈ-પેડ વગેરે જેવા ઈલેક્ટ્રોનિક સંદેશા-વ્યવહારના કોઈપણ સાધનો (ડિવાઇસ) પોતાની સાથે પરીક્ષા ખંડમાં લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૨. જામીનગીરી અને જામીનખત.-

સીધી ભરતીથી નીમાયેલી દરેક વ્યક્તિએ, આ નિયમો સાથે જોડેલા પરિશિષ્ટ-'ચ'-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં જામીનગીરી ખત આપવાના રહેશે.

૧૩. પ્રોત્સાહનો.- પ્રથમ પ્રયત્ને પરીક્ષામાં એંસી ટકા (૮૦%) અથવા તેથી વધુ એકંદર ગુણ મેળવ્યા હોય તેવા ઉમેદવારને, સરકારે વખતોવખત નક્કી કર્યા પ્રમાણેની તેવી રકમ પ્રોત્સાહન તરીકે ચૂકવવામાં આવશે.

પરિશિષ્ટ - 'ક'

પરિશિષ્ટ - 'ક'

મોડ્યુલ-૧

(જુઓ નિયમ ૬)

પ્રશ્નપત્ર-૧

સમય: ત્રણ કલાક

કુલ ગુણ : ૧૦૦

હેતુલક્ષી પ્રકાર

પુસ્તકો સાથે

૧. અનુચ્છેદ-૩૨, ૨૨૬, ૩૦૯, ૩૧૦ અને ૩૧૧

૨. મૂળભૂત હકો

૩. માર્ગદર્શક સિદ્ધાંતો

૪. જીપીએસસી (ગુજરાત જાહેર સેવા આયોગ)ની ભૂમિકા (અનુચ્છેદ ૩૨૦)

૫. ગુજરાત જાહેર સેવા આયોગ (પરામર્શ) વિનિયમો, ૧૯૬૦

૬. ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૭૨

૭. ૭૩માં અને ૭૪માં સુધારાને લક્ષમાં લઈને, પંચાયત નગરપાલિકાની જોગાવાઈ

૮. સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટ.

૯. ચૂંટણી પંચ (કેન્દ્રીય અને રાજ્ય)

૧૦. નાણા પંચ

૧૧. સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદી

૧૨. પંચાયતી રાજ અને ગુજરાતમાં પંચાયતી રાજનું માળખું

પ્રશ્નપત્ર-૨

સમય: ત્રણ કલાક

કુલ ગુણ : ૧૦૦

હેતુલક્ષી પ્રકાર

પુસ્તકો સાથે

૧. ગુજરાત વિધાનસભા નિયમો

૨. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮

૩. કચેરી કાર્યપદ્ધતિ નિયમસંગ્રહ (ફક્ત બિન-સચિવાલય કચેરીઓ માટે)

૪. સચિવાલય અને ક્ષેત્રના સંબંધ.

૫. ખાતાકીય પરીક્ષા નિયમો/ભરતી નિયમો

૬. લોકસભા/ રાજ્યસભાના પ્રશ્ન-તેમના પ્રકાર અને કાર્યરીતિ

૭. રજૂઆતની પ્રણાલી

૮. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

૯. માહિતીનો અધિકાર બાબત અધિનિયમ, ૨૦૦૫.

૧૦. કામકાજના નિયમો અને તે હેઠળની બહાર પાડેલી સૂચના.

પ્રશ્નપત્ર-૩

સમય: ત્રણ કલાક

કુલ ગુણ : ૧૦૦

હેતુલક્ષી પ્રકાર

પુસ્તકો સાથે

૧. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

૨. ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુમ ૧ થી ૮).

૪. ખાનગી અહેવાલો અને માર્ગદર્શિકા.

૫. રોસ્ટર મેન્યુઅલ (રોસ્ટર રજિસ્ટર કેવી રીતે તૈયાર કરવું, જાળવવું અને રોસ્ટર પોઈન્ટ ફાળવવા)

પ્રશ્નપત્ર-૪

સમય: ત્રણ કલાક

કુલ ગુણ : ૧૦૦

હેતુલક્ષી પ્રકાર

પુસ્તકો સાથે

૧. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ), ભાગ-૧ અને ૨.

૨. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

૪. નાણાકીય સત્તાની સોંપણી.

૫. ગુજરાત સરકારની ખરીદ નીતિ.

૬. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

પ્રશ્નપત્ર-૫

સમય: ત્રણ કલાક

કુલ ગુણ : ૧૦૦

વર્ણનાત્મક પ્રકાર

પુસ્તકો વિના

૧. અંગ્રેજી અને ગુજરાતીમાં મુસદ્દાલેખન અને નોંધલેખન.

૨. જાહેર સંબંધ અને કોમ્યુનિકેશન (સંપર્ક)

૩. જાહેર અને અન્ય સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર.

૪. હાઇકોર્ટ મેટર - પેરાવાઇઝ રિમાર્ક્સ તૈયાર કરવી, સોગંદનામું ફાઇલ કરવું વગેરે અને 'વિગતદર્શક હુકમ'નો મુસદ્દો ઘડવો.

૫. વિવિધ પ્રકારના પત્રો અને તેમની વચ્ચેનો તફાવત.

૬. વિવિધ પ્રકારના સરકારી હુકમો, તેનો ઉપયોગ; મહત્વ (સરકારી ઠરાવ., જાહેરનામું, પરિપત્ર, કચેરી હુકમ, યાદી પત્ર વગેરે.).

૭. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર.

૮. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર.

પરિશિષ્ટ - 'ખ'

મોડ્યુલ-૨

(જુઓ નિયમ ૬)

પ્રશ્નપત્ર-૧

સમય: ત્રણ કલાક

કુલ ગુણ : ૧૦૦

હેતુલક્ષી પ્રકાર

પુસ્તકો સાથે

૧. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯

૨. મુંબઈ રેક્ટિફાઇડ સ્પિરિટ નિયમો, ૧૯૫૧

૩. મુંબઈ વિદેશી દારૂ નિયમો, ૧૯૫૩

૪. મુંબઈ પ્રતિબંધ (સ્પિરિટનું ઉત્પાદન) (ગુજરાત) નિયમો, ૧૯૬૩

૫. મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫

૬. ગુજરાત સીધી હેરફેર નિયમો, ૧૯૬૬

૭. ગુજરાત મિથાઈલ આલ્કોહોલ નિયમો, ૧૯૮૧.

૮. મુંબઈ ડિનેચર્ડ સ્પિરિટ નિયમો, ૧૯૫૯

૯. ગુજરાત કેફી પીણાં તરીકે પીવા માટે અયોગ્ય ચીજવસ્તુ ઉત્પાદન અને આયાત વિનિયમો, ૧૯૬૬.

૧૦. મુંબઈ નશાબંધી (પ્રિવિલેજીસ ફી) નિયમો, ૧૯૫૪

પ્રશ્નપત્ર-૨

સમય: ત્રણ કલાક

કુલ ગુણ : ૧૦૦

હેતુલક્ષી પ્રકાર

પુસ્તકો સાથે

૧. ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩

૨. ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩

૩. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩

પરિશિષ્ટ ગ

(જુઓ નિયમ ૮ (૨))

અરજીનો નમૂનો

નશાબંધી અને આબકારી નિયામકની કચેરીમાં, ઈન્સ્પેક્ટર, વર્ગ ૩-ની જગા માટેની તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.

૧.	અરજદારનું પૂરૂ નામ (અટક પહેલાં) (અંગ્રેજી અને ગુજરાતીમાં)	
૨.	હોદ્દો (અંગ્રેજી અને ગુજરાતીમાં)	
૩.	જેમાં હાલ સેવા આપી રહ્યાં હોય તે કચેરીનું નામ.	

૪.	જન્મ તારીખ અને આ પરીક્ષાના સમયે ઉમર . (ફક્ત DDMMYY નમૂનામાં જન્મ તારીખ)	જન્મ તારીખ:___/___/____ આજની તારીખે ઉમર:___વર્ષ
૫.	હાલની જગા પર નિમણૂકની તારીખ અને સેવાના કુલ વર્ષ.	નિમણૂકની તારીખ: ___/___/____ સેવામાં વર્ષોની સંખ્યા: ____વર્ષ ____મહિના
૬.	તમે અગાઉ આ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં હતા કે કેમ ? તેમ હોય, તો -	
	(ક) જે પરીક્ષામાં તે ઉપસ્થિત રહ્યો હોય તે પરીક્ષાનો મહિનો અને વર્ષ.	
	(ખ) કોઇ મુક્તિ મળી છે કે કેમ ? જો તેમ હોય, તો ગુણ, પરીક્ષાનું વર્ષ અને વિષયની વિગતો આપવી;	
	(ગ) અરજદાર, મેળેલી મુક્તિનો લાભ લેવા ધારે છે કે કેમ ? "હા" અથવા "ના" માં જણાવવું. (પસંદગી આખરી ગણાશે અને કોઈપણ ફેરફારની પરવાનગી આપવામાં આવશે નહિ.)	
૭.	જે સત્તાધિકાર અથવા નિયમ હેઠળ અરજદારે પરીક્ષા માટે ઉપસ્થિત રહેવાનું છે તે.	
૮.	અરજદારે જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેટલી તકોની સંખ્યા: (પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા (યોગ્યતા)ની તારીખ જણાવવી)	
૯.	પૂર્ણ કરેલ પ્રયત્નોની સંખ્યા (તકો)	
૧૦.	વધારાની તક આપવામાં આવેલી છે કે કેમ ? (જે હુકમ હેઠળ અરજદારને વધારાની તક આપેલ હોય, તે હુકમોનો નંબર અને તારીખ નિર્દિષ્ટ કરવા અને તેની નકલ જોડવી.)	
૧૧.	પરીક્ષા પાસ કરવાનો હેતુ: (સેવામાં કાયમી થવા (બહાલી), સરકારી સેવામાં પ્રતિધારણ, બઢતી,વગેરે).	
૧૨.	અરજદાર, તાલીમાંત પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર છે કે કેમ ?	
૧૩.	વિશેષ નોંધ (રિમાર્ક્સ), જો કંઈ હોય તો.	

સ્થળ:

તારીખ:

(અરજદારની સહી)

પરિશિષ્ટ- 'ઘ'

(જુઓ નિયમ ૮(૩))

યોગ્યતા પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે-

(૧) ઉપર્યુક્ત વિગતોની ખરાઇ કરવામાં આવેલી છે અને તે સાચી જણાયેલ છે.

શ્રી/શ્રીમતી/કુમારી..... ખાતે યોજાનાર નશાબંધી અને આબકારી નિયામકની કચેરીમાં, ઈન્સ્પેક્ટર, વર્ગ ૩ની જગા માટેની તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર છે.

(૨) * જરૂરી ફીની ચૂકવણી કરી છે; ચલણની નકલ આ સાથે જોડેલી છે.

(૩) * ઉમેદવારને વધારાની તક આપવામાં આવી છે: હુકમની નકલ જોડેલી છે.

સ્થળ: .....

તારીખ : .....

વિભાગ/કચેરીના વડાની

સહી અને હોદ્દો

* જે લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.

પરિશિષ્ટ ‘ચ’

(જુઓ નિયમ ૧૨)

જામીનગીરી-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે,..... વિભાગના તારીખ: .....ના સરકારી જાહેરનામા ક્રમાંક: .....માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી, “નિયમો” તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર.....ની કરાર આધારિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર એવો હું ....., ગુજરાત રાજ્યના રાજ્યપાલની વહીવટી સત્તાનો ઉપયોગ કરતી ગુજરાત સરકાર (જેનો આમાં હવે પછી, (જેનો આમાં હવે પછી, “સરકાર” તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચૂકવવાનું થતું હોવાથી, સંસ્થા દ્વારા મને આપવામાં આવેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસદારો, વહીવટકર્તાઓ, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ..... બંધાઈએ છીએ. મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરાર આધારિત નિમણૂકના નિયમોની જોગવાઈઓ પૈકીની કોઇ જોગવાઇ, હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા પ્રસંગે, કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂક, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતોનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે. અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે;

પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦.....ના ..... મહિનાની ..... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોંપ્યું:-

૧. સહી અને પૂરેપૂરું સરનામું:

૨. સહી અને પૂરેપૂરું સરનામું:

જામીન

અમે ..... અને ..... રહેવાસી મોજે: ....., તાલુકો ....., જિલ્લો ....., તે ઉપરના નામવાળા.....ના (જેનો આમાં હવે પછી, “ઉમેદવાર” તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) કરાર આધારિત (નિમણૂકના) નિયમોની જોગવાઈઓ પૈકીની કોઇ જોગવાઇ, હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતાના પ્રસંગે, તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઇ કરવા બંધાયેલો હોય, તે રકમ, ગુજરાત રાજ્યની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતી ગુજરાત સરકાર (જેનો આમાં હવે પછી, “સરકાર” તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુક્ત અને પૃથક રીતે બંધાઈએ છીએ અને અમે કબૂલ થઈએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અને ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને વધુમાં અમે કબૂલ થઈએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની

અમારી જવાબદારીઓમાંથી અમે મુક્ત થઈશું નહિં અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુક્ત અને પૃથક રહેશે.

સદરહુએ સન ૨૦.....ના ..... મહિનાની ..... તારીખે સહી કરી અને સોપ્યું.

તારીખ: જામીનની સહી.

સ્થળ: પૂરેપૂરું સરનામું અને ધંધો.

તારીખ: જામીનની સહી.

સ્થળ: પૂરેપૂરું સરનામું અને ધંધો.

-ની હાજરીમાં:

સાક્ષીનું પૂરેપૂરું સરનામું

અને ધંધો:

સાક્ષીનું પૂરેપૂરું સરનામું

અને ધંધો:

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આનંદ બિહોલા,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.10.09 15:10:14 IST